# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-12-2024 Morning : 7.45 to 7.55
Day : Monday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વર્ચ્યુઅલ માધ્યમથી 71 હજારથી વધુ નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કરશે.

2) પ્રધાનમંત્રી કુવૈતના ઐતિહાસિક પ્રવાસથી પરત ફર્યા – કુવૈત સાથે ચાર મુખ્ય કરાર પર હસ્તાક્ષર કરાયા

3) દેશના વિકાસ માટે ખેડૂતોના યોગદાનના સન્માનમાં આજે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી કરાશે

4) હવાઈ મુસાફરોને રાહત દરે ખાણીપીણીની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવા પ્રાયોગિક ધોરણે કોલકતામાં ઉડાન યાત્રી કાફેનો પ્રારંભ કરાવ્યો

5) બ્રાઝિલના જોઆઓ ફૉન્સેકાએ સાઉદી અરબમાં નેક્સ્ટ જેન એટીપી ફાઈનલ્સ ટેનિસ સ્પર્ધાનો ખિતાબ જીત્યો

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવનિયુક્ત ઉમેદવારોને વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી 71 હજારથી વધુ નિમણૂકપત્ર એનાયત કરશે. દેશભરના 45 સ્થળ પર યોજાનારો આ રોજગાર મેળો રોજગાર સર્જનને વધુ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધાતાને પૂર્ણ કરવાની દિશામાં એક પગલું છે, જે દેશનિર્માણ અને સ્વરોજગારમાં યુવાનોની ભાગીદારીને તક પૂરી પાડશે.

દેશભરમાંથી પસંદગી પામેલા નવનિયુક્ત ઉમેદવારોની ગૃહ મંત્રાલય, ટપાલ વિભાગ, ઉચ્ચતર શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા નાણાકીય સેવાઓના વિભાગ સહિત વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં નિમણૂક કરાશે.

# PM-CHRISTMAS

પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં ભારતના કેથોલિક બિશપ સંમેલન દ્વારા નાતાલની ઉજવણી માટે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

દરમિયાન શ્રી મોદી કાર્ડિનલ, બિશપ અને ચર્ચના અગ્રણી ખ્રિસ્તી સમુદાયના મુખ્ય નેતાઓ સાથે સંવાદ કરશે. શ્રી મોદી પહેલીવાર દેશમાં કેથોલિક ચર્ચ મુખ્યમથકમાં આ પ્રકારના કાર્યક્રમમાં હાજરી આપશે.

# INDIA KUWAIT PARTNERSHIP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કુવૈતના ઐતિહાસિક પ્રવાસ દરમિયાન ચાર મુખ્ય કરારમાં સંરક્ષણ સહકારથી લઈ સાંસ્કૃતિક વિનિમયનો સમાવેશ થાય છે, વ્યાપક સંરક્ષણ સહકાર સમજૂતી કરારમાં દ્વિપક્ષી સૈન્ય સહયોગની રૂપરેખા નક્કી કરવામાં આવી છે. આ કરારમાં તાલીમ, કર્મચારી વિનિમય, સંયુક્ત સૈન્ય અભ્યાસ અને સંરક્ષણ ઉદ્યોગ વિકાસમાં સહકાર સામેલ છે. આમાં સંરક્ષણ સાધનોના પૂરવઠા અને સંયુક્ત સંશોધન પહેલની પણ જોગવાઈ છે.

વર્ષ 2025-2029ના દ્રષ્ટિકોણ સાથે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમનો ઉદ્દેશ વિવિધ કલાત્મક અને સાંસ્કૃતિક પહેલ દ્વારા બંને દેશના સંબંધ મજબૂત કરવાનો છે. જ્યારે વર્ષ 2025-2028 માટે રમતગમત સહકાર અંતર્ગત રમતોના વિકાસ માટે વિવિધ પાસાઓમાં જ્ઞાન અને કુશળતાના વિનિમયને પ્રોત્સાહન અપાશે.

આંતર-રાષ્ટ્રીય અને સૌર ગઠબંધનમાં કુવૈતનો સમાવેશ કરવાનો નિર્ણય સૌથી નોંધપાત્ર અને પર્યાવરણ સહકારની દિશામાં મહત્વનું પગલું છે. આ સંગઠનમાં કુવૈત સામેલ થતા બંને દેશના સૌર ઊર્જાનો ઉપયોગ વધશે.

# INDIA KUWAIT TERRORISM

ભારત અને કુવૈતે સરહદ પારના આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદની ટીકા કરી છે. બંને દેશે આતંકના સલામત સ્થળ અને આ માટે નાણાકીય ભંડોળ પૂરા પાડતા નેટવર્કને ધ્વસ્ત કરવા આહ્વાન કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કુવૈત પ્રવાસ દરમિયાન આતંકવાદનો સામનો કરવાના ઉપાય, સાયબર સલામતી અને કટ્ટરવાદને રોકવામાં સહયોગ વધારવા વિચાર-વિમર્શ કર્યો હતો.

વિદેશ મંત્રાલયે જાહેર કરેલા સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, બંને દેશે આતંકવાદ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસમાં સહકાર વધારવા અંગે સંમતિ દર્શાવી છે. બંને દેશ કાયદાનો અમલ, મની લૉન્ડરીંગ અને માદક પદાર્થના પ્રતિબંધ તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય ગુનાઓને પહોંચી વળવા સહકાર માટે પણ સંમેત થયા છે.

ભારતે શાંઘાઈ સહકાર સંગઠનના નવા સભ્ય તરીકે કુવૈતનું સ્વાગત કર્યું. તેમજ સંયુક્ત રાષ્ટ્ર અને બહુપક્ષીય મંચો પર બંને દેશ વચ્ચે ઉત્તમ સંકલનની પ્રશંસા કરી હતી.

# FARMERS DAY

દેશભરમાં આજે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવશે. દેશના વિકાસ માટે ખેડૂતોના યોગદાનના સન્માનમાં આ દિવસ ઉજવાય છે. આ દિવસ ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરવા, ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા અને દેશના ખેતી વારસાના સંરક્ષણમાં ખેડૂતોની મહત્વની ભૂમિકા યાદ અપાવે છે.

ખેડૂતોની ભૂમિકાને મહત્વ આપતા સરકારે તેમના સામાજિક અને આર્થિક ઉત્થાન માટે અનેક પહેલ કરી છે. આમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અને પ્રધાનમંત્રી કિસાન માન-ધન યોજના સામેલ છે. આ યોજનાઓ અંતર્ગત ખેડૂતોને નાણાકીય સલામતી, જોખમ ઘટાડવાના સમાધાન અને લાંબા ગાળાની સામાજિક સલામતી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ વર્ષે દેશમાં 33 કરોડ 22 લાખ ટન અનાજનું વિક્રમજનક ઉત્પાદન થયું છે, જે ગયા વર્ષે આ 36 કરોડ 97 લાખ ટન હતું.

# UDAN YATRI CAFE

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે હવાઈમથક પર રાહત દરે ભોજન અને પાણી જેવી પાયાની જરૂરિયાતોની વસ્તુ ઉપલબ્ધ કરાવવા માટે ઉડાન યાત્રી કાફે શરૂ કરવાની જાહેરાત કરી છે. આ વિશેષ પહેલને પ્રાયોગિક ધોરણે કોલકાતા હવાઈમથક પર શરૂ કરાશે. આ સફળ થતા ભારતીય હવાઈમથક સત્તામંડળ દેશભરમાં અન્ય હવાઈમથક પર પણ કાફે શરૂ કરશે.

કોલકાતામાં નેતાજી સુભાષચંદ્ર બોઝ આંતર-રાષ્ટ્રીય હવાઈમથક પર પહેલા ઉડાન યાત્રી કાફેના પ્રારંભની સાથે વિમાન પ્રવાસીઓને પીવાના પાણીની બોટલો, ચાય, કૉફી અને નાસ્તા જેવી ચીજવસ્તુઓ રાહત દરે મળી શકશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# TENNIS NEXT GEN ATP FINALS

બ્રાઝિલના જોઆઓ ફૉન્સેકાએ સાઉદી અરબના જેદ્દાહમાં નેક્સ્ટ જેન એટીપી ફાઈનલ્સ ટેનિસ સ્પર્ધાનો ખિતાબ જીતી લીધો છે. ફૉન્સેકાએ ચાર સેટની રમતમાં અમેરિકાના લર્નર ટીએનને 2–4, 4–3, 4–0, 4–2થી હરાવીને ચેમ્પિયનશીપ જીતી છે.

18 વર્ષના ફૉન્સેકા આ વર્ષે ટૂર્નામેન્ટમાં સૌથી ઓછી વયના રમતવીર હતા. તેઓ વર્ષ 2019માં જૈનિક સિનરની જીત બાદ ટૂર્નામેન્ટ જીતનારા બીજા સૌથી ઓછી વયના ચેમ્પિયન પણ બની ગયા છે.

ઉલ્લેખનીય છે કે, નેક્સ્ટ જેન એટીપી ફાઈનલ્સ એક વાર્ષિક ટેનિસ ટૂર્નામેન્ટ છે, જેમાં 20 વર્ષ અને તેનાથી ઓછી વયના સર્વશ્રેષ્ઠ પુરુષ ખેલાડી ભાગ લે છે.

# JITENDRA GOOD GOVERNANCE

કર્મચારી, જન-ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં સુશાસન અને રાષ્ટ્રીય કાર્યશાળાનો પ્રારંભ કરાવશે. તમામ મંત્રાલયો અને વિભાગોના કર્મચારીઓ આ કાર્યશાળામાં ભાગ લેશે. ડૉ. સિંહ વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા સ્વચ્છતા અભિયાનના ચોથા તબક્કાને અપનાવવાના નિવારણ પર એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. તેમજ આકારણી અહેવાલ જાહેર કરશે.

વહીવટી પરિવર્તન અને જન-ફરિયાદ વિભાગ દ્વારા સુશાસન પર આયોજિત આ ચોથી રાષ્ટ્રીય કાર્યશાળા હશે. દર વર્ષે 19થી 25 ડિસેમ્બર સુધી ઉજવવામાં આવી રહેલા સુશાસન સપ્તાહ અંતર્ગત આ કાર્યશાળાનું આયોજન કરાય છે.

# CRICKET CHAPIONS TROPHY

સલામતીના કારણોસર પાકિસ્તાનમાં રમવા અંગે ભારતે ઈનકાર કર્યા બાદ ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની મેચો માટે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે સંયુક્ત આરબ અમીરાતનું નામ આપ્યું છે. આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે 19 ડિસેમ્બરે પુષ્ટી કરી કે, સંભવિત સેમિ-ફાઈનલ અને ફાઈનલ સહિત ભારતની તમામ મેચ સંયુક્ત યજમાની મૉડેલ અંતર્ગત કોઈ મધ્યસ્થ સ્થળ પર રમાશે.

જોકે, પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે સંયુક્ત આરબ અમીરાતમાં કોઈ નિશ્ચિત સ્થળનો ઉલ્લેખ નથી કર્યો, પરંતુ દુબઈમાં મેચની યજમાની થાય તેવી શક્યતા છે. ભારતને ટૂર્નામેન્ટમાં ત્રણ ગૃપ સ્ટેજની મેચ રમવાની છે, જેમાં પાકિસ્તાનની સાથે પણ મેચ રમાશે. જો ભારત આગળ વધશે તો સંયુક્ત આરબ અમીરાત સેમિ-ફાઈનલ અને ફાઈનલમાંથી એક મેચની પણ યજમાની કરશે.

# હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના દરેક અખબારોમાં પ્રધાનમંત્રીની કુવૈત યાત્રાના સમાચાર હેડલાઇન્સમાં રહ્યાં છે.. જ્યારે કાશ્મીરમાં ઠંડીના પચાસ વર્ષના રેકોર્ડ તૂટવાના સમાચાર પણ પહેલા પેજ ઉપર છે.
- સંદેશ, નવગુજરાત સમય દૈનિકોએ પ્રધાનમંત્રી મોદીની કુવૈતમાં ભારતીય શ્રમિકો સાથેની મુલાકાતના સમાચાર હેડલાઇનમાં છાપ્યાં છે.. દિવ્યભાસ્કરે બદ્રીનાથ ધામ બરફમાં પરિવર્તિત થયું તે સમાચારને પ્રાધાન્ય આપ્યુ છે. આ ઉપરાંત સ્પેશ્યલ સ્ટોરીમાં દિવ્યભાસ્કરે રાજસ્થાનના અજમેરની 550 દિકરીઓએ બાળ વિવાહ સામે જંગ છેડીને ફૂટબોલ રમવાની શરૂઆત કરી તે સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે ગુજરાત સમાચારે ભારતીયો સહિત એક હજાર ચારસોની જાસૂસીના કેસમાં પેગાસસની કંપની દોષિત જાહેર થવાના સમાચારને મુખ્ય સમાચાર બનાવ્યાં છે. તેમજ લખનઉની એક બેંકનું ગેસ કટરથી લોકર તોડીને કરોડોની લૂંટની સમાચાર પણ પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારમાં અમદાવાદમાંથી નારકોટિક્સ બ્યુરો દ્વારા એક કરોડના ડ્ર્ગ્સને ઝડપી પાડવામાં આવ્યા હોવાના સમાચાર તમામ ગુજરાતી અખબારોએ છેલ્લા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે.. રાજ્યમાં હવામાનમાં પલટો અને વાદળછાયુ વાતાવરણતેમજ આગામી દિવસોમાંવરસાદની સંભાવનાની હવામાન વિભાગની આગાહીને પણ દરેક અખબારોએ પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત સ્પોર્ટસ પેજ ઉપર વડોદરામાં રમાયેલી વેસ્ટ ઇન્ડિઝ સામેની પહેલી મહિલા ક્રિકેટની વન ડેમાં ભારતનો 211 રને વિજયના સમાચાર પણ પ્રસિધ્ધ કર્યા છે